# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૭ તા.૨૮-૭-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૬-૧૭ માટે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત તૈયાર કરવા અંગે આ સાથે આપને ૩૪ ખાનાનું ફોર્મેટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદની વેબસાઈટ www.amcschoolboard.org પરથી મોકલી આપવામાં આવે છે, તે ફોર્મેટ મુજબ પત્રકવાઈઝ દરખાસ્ત તૈયાર કરી તેની ત્રણ નકલ (હાર્ડકોપી, એ-૩ સાઈઝમાં) બનાવીને બે નકલ સ્કોલરશીપ વિભાગ ખાતે તથા એક નકલ શાળા કોપી તરીકે રાખશો તેમજ સી.ડી.(સોફટકોપી) બે તૈયાર કરી ૧ સ્કોલરશીપ વિભાગ તથા ૧ શાળા કોપી તરીકે રાખશો. દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. નીચે જણાવેલ ઝોન વાઈઝ તારીખે, સમયે અને સ્થળે જમા કરાવશો. શાળાનો કોઈપણ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચીત ન રહે તેની ખાસ તકેદારી રાખશો.

| ઝોન વાઈઝ દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જમા કરાવવાનું સમયપત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ઝોન | સમય | તારીખ | સ્થળ |
| ૧ | ઉત્તર | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૬-૮-૧૬ | જમાલપુર શા.નં.૪ ના મકાનમાં |
| ૨ | દક્ષિણ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૮-૮-૧૬ | |
| ૩ | પૂર્વ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૯-૮-૧૬ | |
| ૪ | પશ્ચિમ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૦-૮-૧૬ | |
| ૫ | ઉર્દૂ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૧-૮-૧૬ | |
| ૬ | હિન્દી | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૨-૮-૧૬ | |
| નોંધ :- ૦૨:૦૦ થી ૦૨:૩૦ રીસેસ | | | | |

ચાલુ સાલે શિષ્યવૃત્તિની દરખાસ્ત નીચે જણાવેલ પત્રક નંબરવાઈઝ અલગ અલગ તૈયાર કરશો શિષ્યવૃત્તિની દરખાસ્તમાં દર્શાવેલ તમામ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મળી જશે જેથી ગણવેશ સહાયના દરખાસ્ત પત્રકો અલગથી તૈયાર કરવાના રહેશે નહીં.

દરખાસ્ત તૈયાર કરતી વખતે સૌ પ્રથમ ધો.૧ થી ૮ ના કુમારના નામ લખવા ત્યારબાદ ધો.૧ થી ૫ ની કન્યાના નામ લખવા ત્યારબાદ '૧' લાઈન છોડી ધો.૬ થી ૮ ની કન્યાના નામ લખવા.

| | | |
|---|---|---|
| પત્રક-૧ | અનુસુચીત જાતિ શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |
| પત્રક-૭ | અનુસુચીત જાતિ પૈકી અતિપછાત શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |
| --- | અનુસુચીત જાતિ અસ્વચ્છ વ્યવસાય કરતા વાલીના બાળકોની શિષ્યવૃત્તી | ધો. ૧ થી ૮ |

સી.ડી. તથા હાર્ડ કોપી તૈયાર કરવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

૧) દરખાસ્તપત્રક વાઈઝ અલગ અલગ સીટ તૈયાર કરવી.

૨) નીચે દર્શાવેલ નમૂના મુજબ યોજના વાઈઝ, તારીજ અલગ બનાવવી તથા નીચે મુખ્ય શિક્ષકશ્રીએ પ્રમાણપત્ર(જૂની દરખાસ્ત મુજબ) સહી/સિકકા સાથે આપવું.

| ધોરણ | ધો.૧ | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો.૭ | ધો.૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | | | | | | | | | |
| કન્યા | | | | | | | | | |
| કુલ | | | | | | | | | |

૩) દરખાસ્ત અંગ્રેજી 'TIMES NEW ROMAN'માં FONT SIZE-10 તથા કેપીટલ લેટર્સમાં તૈયાર કરવી.

૪) દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર, બેંકનું નામ, બ્રાંચ તથા આઈ.એફ.એસ.સી. કોડ અવશ્ય લખવાના રહેશે. સદર વિગતમાં કોઈપણ પ્રકારની ચૂક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૫) સી.ડી. ઉપર શાળાનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનો ફોન નંબર, પરિપત્ર નંબર તથા પત્રકવાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે સ્પષ્ટ વંચાય તેમ '૦.૫'ની માર્કર પેનથી લખવું.

૬) સી.ડી. પ્લાસ્ટીકના કવરમાં જ પેક કરીને આપવી.

૭) સી.ડી.માં તમામ જાતિના વિદ્યાર્થીઓની તમામ માહિતી આવી ગયેલ છે કે કેમ ? તે ચેક કરવું તથા સી.ડી. કોમ્પ્યુટરમાં ઓપન થાય છે કે કેમ ? તે પણ ચેક કરવું તથા તે બાબતનું પ્રમાણપત્ર મુખ્ય શિક્ષકશ્રીએ આપવાનું રહેશે.

૮) દરખાસ્ત પત્રક વાઈઝ બે નકલનો સેટ બનાવી આપવી. તેની ઉપર જાતિવાર તારીજ રાખવી (બંને નકલો ટેગથી બાંધીને આપવી).

૯) તમામ વિદ્યાર્થીના બેંક ખાતા ફરજિયાતપણે ખોલાવવાના રહેશે. બેંક ખાતુ વિદ્યાર્થીના નામનું અથવા માતા-પિતા સાથે જોઈન્ટ ખાતુ અથવા પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળના પરિવારનું ખાતુ ખોલાવવાનું રહેશે. દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર, બેંકનું નામ અને બ્રાંચ અવશ્ય લખવાના રહેશે. દરેક શાળાએ લાગુ પડતી બેંકમાં જઈ શાળાના વિદ્યાર્થીઓના બેંક ખાતા ખરેખર ACTIVE(ચાલુ) છે કે કેમ ? તેની ચોકસાઈ કરી લેવાની રહેશે. જેથી રકમ ચૂકવતી વખતે ખાતા બંધ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

૧૦) સ્કૂલ બોર્ડની વેબસાઈટ www.amcschoolboard.org પર Excel File : **SC Patrak 2016-17 (34 Column).xls** મુકવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરી તે જ ફાઈલમાં પત્રકવાઈઝ આપેલ શીટમાં વિદ્યાર્થીઓના નામની એન્ટ્રી કરવાની રહેશે. તથા આપેલ યોજનાવાર તારીજ પત્રકોની શીટમાં જ કુમાર + કન્યાની તારીજ બનાવવાની રહશે. તથા શાળાનું નામ ઝોન, પત્રક નંબર, જાતિ વગેરે વિગતો પણ ચોક્કસાઈ પૂર્વક એન્ટ્રી કરવાની રહેશે. દરેક શીટની (દરખાસ્ત પત્રકો અને તારીજ પત્રકો સહીત)ની એ-૩ સાઈઝના કાગળમાં પ્રીન્ટ કાઢી મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિક્કા સાથે નકલો જમા કરાવવાની રહેશે.

૧૧) આપેલ ફાઈલની કોઈપણ શીટના લખાણમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવો નહીં. જરૂરીયાત મુજબ કોલમનો પહોળાઈ કે પેજ સેટીંગ કરવું પણ કોલમની સંખ્યામાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૧૨) વિદ્યાર્થીની જાતિ માટે અગાઉ પરીપત્ર નંબર-૬૧ તા. ૦૫/૦૯/૨૦૧૪ના પરીપત્ર સાથે જાતિની પુસ્તીકા આપેલ છે તે મુજબ વિદ્યાર્થીઓના નામ સબંધીત પત્રકમાં લખવા.

૧૩) આ સાથે આપને પહોંચ પત્રકનો નમૂનો પણ સ્કૂલ બોર્ડની વેબ સાઈટ પર મૂકવામાં આવેલ છે. જે ડાઉન લોડ કરી જરૂરીયાત મુજબના પહોંચ પત્રકોની નકલ કરાવી લેશો. પહોંચ પત્રક કે દરખાસ્ત પત્રકો માટે શિષ્યવૃત્તિ વિભાગમાં માંગણી કરવી નહીં.

૧૪) અનુસુચિત જાતિના અસ્વચ્છ વ્યવસાય કરતા વાલીના બાળકોની શિષ્યવૃત્તિની દરખાસ્ત માટે ગત વર્ષના પરીપત્ર નં. ૫૯ તા. ૧૧/૦૮/૨૦૧૫ની સુચનાઓને ધ્યાને લઈ દરખાસ્ત તૈયાર કરવી. ગત વર્ષે ફોર્મનો નમૂનો આપેલ પણ ચાલુ સાલે આપને ૩૪ ખાનાના ફોર્મેટમાં જ દરખાસ્ત કરવાની રહેશે.

૧૫) દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જણાવેલ તારીખે અચૂક જમા કરાવશો.

તા.૨૮-૭-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૮ તા.૨૮-૭-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૬-૧૭ માટે અનુસુચિત જન જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત તૈયાર કરવા અંગે આ સાથે આપને ૨૧ ખાનાનું ફોર્મેટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદની વેબસાઈટ www.amcschoolboard.org પરથી મોકલી આપવામાં આવે છે, તે ફોર્મેટ મુજબ પત્રકવાઈઝ દરખાસ્ત તૈયાર કરી તેની ત્રણ નકલ (હાર્ડકોપી, એ-૩ સાઈઝમાં) બનાવીને બે નકલ સ્કોલરશીપ વિભાગ ખાતે તથા એક નકલ શાળા કોપી તરીકે રાખશો તેમજ સી.ડી.(સોફટકોપી) બે તૈયાર કરી ૧ સ્કોલરશીપ વિભાગ તથા ૧ શાળા કોપી તરીકે રાખશો. દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. નીચે જણાવેલ ઝોન વાઈઝ તારીખે, સમયે અને સ્થળે જમા કરાવશો. શાળાનો કોઈપણ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચીત ન રહે તેની ખાસ તકેદારી રાખશો.

| ઝોન વાઈઝ દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જમા કરાવવાનું સમયપત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ઝોન | સમય | તારીખ | સ્થળ |
| ૧ | ઉત્તર | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૬-૮-૧૬ | જમાલપુર શા.નં.૪ ના મકાનમાં |
| ૨ | દક્ષિણ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૮-૮-૧૬ | |
| ૩ | પૂર્વ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૯-૮-૧૬ | |
| ૪ | પશ્ચિમ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૦-૮-૧૬ | |
| ૫ | ઉર્દૂ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૧-૮-૧૬ | |
| ૬ | હિન્દી | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૨-૮-૧૬ | |
| નોંધ :- ૦૨:૦૦ થી ૦૨:૩૦ રીસેસ | | | | |

દરખાસ્ત તૈયાર કરતી વખતે સૌ પ્રથમ ધો.૧ થી ૮ ના કુમારના નામ લખવા ત્યારબાદ ધો.૧ થી ૫ ની કન્યાના નામ લખવા ત્યારબાદ ‘૧’ લાઈન છોડી ધો.૬ થી ૮ ની કન્યાના નામ લખવા.

| | | |
|---|---|---|
| પત્રક-૨ | અનુસુચિત જન જાતિ શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |
| પત્રક-૫ | અનુસુચિત જન જાતિ ગણવેશ | ધો. ૧ થી ૮ |
| પત્રક-૮ | અનુસુચિત જન જાતિ પૈકી અતિપછાત શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |

ઉપરની યોજના મુજબ અનુસુચિત જન જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયના દરખાસ્ત પત્રકો તૈયાર કરવા માટે વાલીની આવક મર્યાદા ધ્યાનમાં લીધા સીવાય ગત વર્ષના પરીપત્ર નંબર-૫૯, તા. ૧૧/૦૮/૨૦૧૫ના અનુક્રમ નંબર ૬, ૯ તથા ૧૨ની સુચનાને ધ્યાને લઈ દરખાસ્ત તૈયાર કરવી.

સી.ડી. તથા હાર્ડ કોપી તૈયાર કરવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

૧૬) દરખાસ્તપત્રક વાઈઝ અલગ અલગ સીટ તૈયાર કરવી.

૧૭) નીચે દર્શાવેલ નમૂના મુજબ યોજના વાઈઝ, તારીજ અલગ બનાવવી તથા નીચે મુખ્ય શિક્ષકશ્રીએ પ્રમાણપત્ર(જૂની દરખાસ્ત મુજબ) સહી/સિક્કા સાથે આપવું.

| ધોરણ | ધો.૧ | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો.૭ | ધો.૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | | | | | | | | | |
| કન્યા | | | | | | | | | |
| કુલ | | | | | | | | | |

૧૮) દરખાસ્ત ગુજરાતી શ્રુતી ફોન્ટ, સાઈઝ-૧૧માં તૈયાર કરવી.

૧૯) દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર અવશ્ય લખવાનો રહેશે સદર વિગતમાં કોઈપણ પ્રકારની ચૂક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૨૦) સી.ડી. ઉપર શાળાનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનો ફોન નંબર, પરિપત્ર નંબર તથા પત્રકવાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે સ્પષ્ટ વંચાય તેમ '૦.૫'ની માર્કર પેનથી લખવું.

૨૧) સી.ડી. પ્લાસ્ટીકના કવરમાં જ પેક કરીને આપવી.

૨૨) સી.ડી.માં તમામ જાતિના વિદ્યાર્થીઓની તમામ માહિતી આવી ગયેલ છે કે કેમ ? તે ચેક કરવું તથા સી.ડી. કોમ્પ્યુટરમાં ઓપન થાય છે કે કેમ ? તે પણ ચેક કરવું તથા તે બાબતનું પ્રમાણપત્ર મુખ્ય શિક્ષકશ્રીએ આપવાનું રહેશે.

૨૩) દરખાસ્ત પત્રક વાઈઝ બે નકલનો સેટ બનાવી આપવી. તેની ઉપર જાતિવાર તારીજ રાખવી (બંને નકલો ટેગથી બાંધીને આપવી).

૨૪) તમામ વિદ્યાર્થીના બેંક ખાતા ફરજિયાતપણે ખોલાવવાના રહેશે. બેંક ખાતુ વિદ્યાર્થીના નામનું અથવા માતા-પિતા સાથે જોઈન્ટ ખાતુ અથવા પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળના પરિવારનું ખાતુ ખોલાવવાનું રહેશે. દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર, બેંકનું નામ અને બ્રાંચ અવશ્ય લખવાના રહેશે. દરેક શાળાએ લાગુ પડતી બેંકમાં જઈ શાળાના વિદ્યાર્થીઓના બેંક ખાતા ખરેખર ACTIVE(ચાલુ) છે કે કેમ ? તેની ચોકસાઈ કરી લેવાની રહેશે. જેથી રકમ ચૂકવતી વખતે ખાતા બંધ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

૨૫) સ્કૂલ બોર્ડની વેબસાઈટ www.amcschoolboard.org પર Excel File : **ST Patrak 2016-17 (21 Column).xls** મુકવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરી તે જ ફાઈલમાં પત્રકવાઈઝ આપેલ શીટમાં વિદ્યાર્થીઓના નામની એન્ટ્રી કરવાની રહેશે. તથા આપેલ યોજનાવાર તારીજ પત્રકોની શીટમાં જ કુમાર + કન્યાની તારીજ બનાવવાની રહશે. તથા શાળાનું નામ ઝોન, પત્રક નંબર, જાતિ વગેરે વિગતો પણ ચોક્કસાઈ પૂર્વક એન્ટ્રી કરવાની રહેશે. દરેક શીટની (દરખાસ્ત પત્રકો અને તારીજ પત્રકો સહીત)ની એ-૩ સાઈઝના કાગળમાં પ્રીન્ટ કાઢી મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિક્કા સાથે નકલો જમા કરાવવાની રહેશે.

૨૬) આપેલ ફાઈલની કોઈપણ શીટના લખાણમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવો નહીં. જરૂરીયાત મુજબ કોલમનો પહોળાઈ કે પેજ સેટીંગ કરવું પણ કોલમની સંખ્યામાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૨૭) વિદ્યાર્થીની જાતિ માટે અગાઉ પરીપત્ર નંબર-૬૧ તા. ૦૫/૦૯/૨૦૧૪ના પરીપત્ર સાથે જાતિની પુસ્તીકા આપેલ છે તે મુજબ વિદ્યાર્થીઓના નામ સબંધીત પત્રકમાં લખવા.

૨૮) આ સાથે આપને પહોંચ પત્રકનો નમૂનો પણ સ્કૂલ બોર્ડની વેબ સાઈટ પર મૂકવામાં આવેલ છે. જે ડાઉન લોડ કરી જરૂરીયાત મુજબના પહોંચ પત્રકોની નકલ કરાવી લેશો. પહોંચ પત્રક કે દરખાસ્ત પત્રકો માટે શિષ્યવૃત્તિ વિભાગમાં માંગણી કરવી નહીં.

૨૯) દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જણાવેલ તારીખે અચૂક જમા કરાવશો.

તા. ૨૮-૭-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૯ તા.૨૮-૭-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૬-૧૭ માટે અન્ય પછાત જાતિના વિદ્યાર્થીઓ જેવા કે (સા.શૈ.પ.વ,વિ.વિ.જાતિ,આર્થિક પછાત વર્ગ, ભાષાકીય લઘુમતિ, ધાર્મિક લઘુમતિ) જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત તૈયાર કરવા અંગે આ સાથે આપને ૧૭ ખાનાનું ફોર્મેટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદની વેબસાઈટ www.amcschoolboard.org પરથી મોકલી આપવામાં આવે છે, તે ફોર્મેટ મુજબ પત્રકવાઈઝ દરખાસ્ત તૈયાર કરી તેની ત્રણ નકલ (હાર્ડકોપી-ફકત લીગલ કાગળમાં) બનાવીને બે નકલ સ્કોલરશીપ વિભાગ ખાતે તથા એક નકલ શાળા કોપી તરીકે રાખશો તેમજ સી.ડી.(સોફટકોપી) બે તૈયાર કરી ૧ સ્કોલરશીપ વિભાગ તથા ૧ શાળા કોપી તરીકે રાખશો. દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. નીચે જણાવેલ ઝોન વાઈઝ તારીખે, સમયે અને સ્થળે જમા કરાવશો. શાળાનો કોઈપણ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચીત ન રહે તેની ખાસ તકેદારી રાખશો.

| ઝોન વાઈઝ દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જમા કરાવવાનું સમયપત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ઝોન | સમય | તારીખ | સ્થળ |
| ૧ | ઉત્તર | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૬-૮-૧૬ | જમાલપુર શા.નં.૪ ના મકાનમાં |
| ૨ | દક્ષિણ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૮-૮-૧૬ | |
| ૩ | પૂર્વ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૯-૮-૧૬ | |
| ૪ | પશ્ચિમ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૦-૮-૧૬ | |
| ૫ | ઉર્દૂ | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૧-૮-૧૬ | |
| ૬ | હિન્દી | ૧૧:૦૦ થી ૦૫:૦૦ | ૧૨-૮-૧૬ | |
| નોંધ :- ૦૨:૦૦ થી ૦૨:૩૦ રીસેસ | | | | |

ચાલુ સાલે શિષ્યવૃત્તિની દરખાસ્ત નીચે જણાવેલ પત્રક નંબરવાઈઝ અલગ અલગ તૈયાર કરશો શિષ્યવૃત્તિની દરખાસ્તમાં દર્શાવેલ તમામ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મળી જશે જેથી ગણવેશ સહાયના દરખાસ્ત પત્રકો અલગથી તૈયાર કરવાના રહેશે નહીં.

દરખાસ્ત તૈયાર કરતી વખતે (પત્રક-૯ સિવાય) સૌ પ્રથમ ધો.૧ થી ૮ ના કુમારના નામ લખવા ત્યારબાદ ધો.૧ થી ૫ ની કન્યાના નામ લખવા ત્યારબાદ '૧' લાઈન છોડી ધો.૬ થી ૮ ની કન્યાના નામ લખવા.

પત્રક-૯ બનાવતી વખતે ધો.૧ થી ૫ ના કુમાર+કન્યાના નામ સળંગ લખશો ત્યાર બાદ'૧' લાઈન છોડી ધો. ૬ થી ૮ના કુમાર + કન્યાના નામ લખશો.

| | | |
|---|---|---|
| પત્રક-૩ | વિ.વિ.જાતિ શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |
| પત્રક-૯ | સા.શૈ.પ.વ.જાતિ/વિ.વિ.જાતિઅતિ પછાત શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |
| પત્રક-૧૦-અ | સા.શૈ.પ.વ.જાતિ શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૪ |
| પત્રક-૧૧ | સા.શૈ.પ.વ.જાતિ શિષ્યવૃત્તિ | ધો. ૫ થી ૮ |
| પત્રક-૧૨ | ભાષાકિય શિષ્યવૃત્તિ(સિંધી, મરાઠી) | ધો. ૧ થી ૮ |
| પત્રક-૧૨-અ | ધાર્મિક લઘુમતિ શિષ્યવૃત્તિ(મુસ્લિમ,પારસી,ખ્રીસ્તી,જૈન,બૌદ્ધ,શીખ) | ધો. ૧ થી ૮ |
| પત્રક-૧૩ | આર્થિક પછાત વર્ગ શિષ્યવૃત્તિ | ધો. ૧ થી ૮ |

પત્રક-૧૨ માં અગાઉ ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ મળતો હતો. જે ચાલુ વર્ષથી ધો. ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને મળવાપાત્ર છે. આ સિવાય પણ તમામ યોજનામાં ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

પત્રક-૧૨ અ ધાર્મિક લઘુમતિ શિષ્યવૃત્તિ ધો. ૧ થી ૮ ચાલુ સાલે નવું ચાલુ કરવામાં આવે છે. જેમાં (મુસ્લિમ,પારસી,ખ્રીસ્તી,જૈન,બૌદ્ધ,શીખ જાતિના) વિદ્યાર્થીના નામનો સમાવેશ થાય છે. ચાલુ સાલથી ધાર્મિક લઘુમતિ

જાતિના જે વિદ્યાર્થીઓને ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ લેવી ન હોય તેવા વિદ્યાર્થીઓના વાલી પાસેથી બાંહેધરી પત્રક લખાવી શાળા દફતરે રાખશો તેમજ તેવા વિદ્યાર્થીઓની દરખાસ્ત પત્રક-૧૨-અ માં કરશો તો તેમને ગુજરાત સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિનો લાભ મળશે.

સી.ડી. તથા હાર્ડ કોપી તૈયાર કરવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

૩૦) દરખાસ્તપત્રક વાઈઝ અલગ અલગ સીટ તૈયાર કરવી.

૩૧) નીચે દર્શાવેલ નમૂના મુજબ યોજના વાઈઝ, તારીજ અલગ બનાવવી તથા નીચે મુખ્ય શિક્ષકશ્રીએ પ્રમાણપત્ર(જૂની દરખાસ્ત મુજબ) સહી/સિકકા સાથે આપવું.

| ધોરણ | ધો.૧ | ધો.૨ | ધો.૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો.૭ | ધો.૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | | | | | | | | | |
| કન્યા | | | | | | | | | |
| કુલ | | | | | | | | | |

૩૨) દરખાસ્ત અંગ્રેજી 'TIMES NEW ROMAN'માં FONT SIZE-10 તથા કેપીટલ લેટર્સમાં તૈયાર કરવી.

૩૩) આર્થિક પછાત જાતિના વિદ્યાર્થીઓના વાલીનો વ્યવસાય દરખાસ્તમાં અવશ્ય દર્શાવવો (મજૂર,ખેતમજૂર,નાના દુકાનદાર વગેરે). વ્યવસાય સ્પષ્ટ ન દર્શાવવાના કારણે શિષ્યવૃત્તિ નામંજૂર થશે તો તેની સઘળી જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકશ્રીની રહેશે, જેની નોંધ લેશો.

૩૪) દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર, બેંકનું નામ અને બ્રાંચ અવશ્ય લખવાના રહેશે. સદર વિગતમાં કોઈપણ પ્રકારની ચૂક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૩૫) સી.ડી. ઉપર શાળાનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનું નામ, મુખ્ય શિક્ષકશ્રીનો ફોન નંબર, પરિપત્ર નંબર તથા જાતિવાર વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે સ્પષ્ટ વંચાય તેમ '૦.૫'ની માર્કર પેનથી લખવું.

૩૬) સી.ડી. પ્લાસ્ટીકના કવરમાં જ પેક કરીને આપવી.

૩૭) સી.ડી.માં તમામ જાતિના વિદ્યાર્થીઓની તમામ માહિતી આવી ગયેલ છે કે કેમ ? તે ચેક કરવું તથા સી.ડી. કોમ્પ્યુટરમાં ઓપન થાય છે કે કેમ ? તે પણ ચેક કરવું તથા તે બાબતનું પ્રમાણપત્ર મુખ્ય શિક્ષકશ્રીએ આપવાનું રહેશે.

૩૮) દરખાસ્ત પત્રક વાઈઝ બે નકલનો સેટ બનાવી આપવી. તેની ઉપર જાતિવાર તારીજ રાખવી (બંને નકલો ટેગથી બાંધીને આપવી).

૩૯) તમામ વિદ્યાર્થીના બેંક ખાતા ફરજિયાતપણે ખોલાવવાના રહેશે. બેંક ખાતુ વિદ્યાર્થીના નામનું અથવા માતા-પિતા સાથે જોઈન્ટ ખાતુ અથવા પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળના પરિવારનું ખાતુ ખોલાવવાનું રહેશે. દરખાસ્તમાં વિદ્યાર્થીઓના બેંક ખાતા નંબર, બેંકનું નામ અને બ્રાંચ અવશ્ય લખવાના રહેશે. દરેક શાળાએ લાગુ પડતી બેંકમાં જઈ શાળાના વિદ્યાર્થીઓના બેંક ખાતા ખરેખર ACTIVE(ચાલુ) છે કે કેમ ? તેની ચોકસાઈ કરી લેવાની રહેશે. જેથી રકમ ચૂકવતી વખતે ખાતા બંધ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

૪૦) સ્કૂલ બોર્ડની વેબસાઈટ www.amcschoolboard.org પર Excel File : **OBC Patrak 2016-17 (17 column).xls** મુકવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરી તે જ ફાઈલમાં પત્રકવાઈઝ આપેલ શીટમાં વિદ્યાર્થીઓના નામની એન્ટ્રી કરવાની રહેશે. તથા આપેલ યોજનાવાર તારીજ પત્રકોની શીટમાં જ કુમાર + કન્યાની તારીજ બનાવવાની રહશે. તથા શાળાનું નામ ઝોન, પત્રક નંબર, જાતિ વગેરે વિગતો પણ ચોક્કસાઈ પૂર્વક એન્ટ્રી કરવાની રહેશે. દરેક શીટની (દરખાસ્ત પત્રકો અને તારીજ પત્રકો સહીત)ની લીગલ કાગળમાં પ્રીન્ટ કાઢી મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિક્કા સાથે નકલો જમા કરાવવાની રહેશે.

૪૧) આપેલ ફાઈલની કોઈપણ શીટના લખાણમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવો નહીં. જરૂરીયાત મુજબ કોલમનો પહોળાઈ કે પેજ સેટીંગ કરવું પણ કોલમની સંખ્યામાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૪૨) વિદ્યાર્થીની જાતિ માટે અગાઉ પરીપત્ર નંબર-૬૧ તા. ૦૫/૦૯/૨૦૧૪ના પરીપત્ર સાથે જાતિની પુસ્તીકા આપેલ છે તે મુજબ વિદ્યાર્થીઓના નામ સબંધીત પત્રકમાં લખવા.

૪૩) આ સાથે આપને પહોંચ પત્રકનો નમૂનો પણ સ્કૂલ બોર્ડની વેબ સાઈટ પર મૂકવામાં આવેલ છે. જે ડાઉન લોડ કરી જરૂરીયાત મુજબના પહોંચ પત્રકોની નકલ કરાવી લેશો. પહોંચ પત્રક કે દરખાસ્ત પત્રકો માટે શિષ્યવૃત્તિ વિભાગમાં માંગણી કરવી નહીં.

૪૪) દરખાસ્ત પત્રકો, તારીજ તથા સી.ડી. જણાવેલ તારીખે અચૂક જમા કરાવશો.

તા. ૨૮-૭-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી